પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૫૪ | ૧૨ ઓગસ્ટ, ૨૦૨૩, શનિવાર; અધિક શ્રાવણ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ૧૮૬૦થી ચાલતા અંગ્રેજ જમાનાના ત્રણ કાનૂનો હવે ભારત છોડશે

**ગેંગરેપમાં હવે મૃત્યુદંડ સુધી જોગવાઈ : રાજદ્રોહ શબ્દ જશે : ભાગેડુને ગેરહાજરીમાં પણ સજા થશે : લોકસભામાં અંગ્રજોના સમયના ઈન્ડીયન પીનલકોડ, કોર્ડ ઓફ ક્રિમિનલ પ્રોસિઝર અને ઈન્ડિયન એવીડન્સ એક્ટને ખતમ કરી તેના સ્થાને ભારતીય ન્યાય સંહિતા કાનુન લવાશે : અમિત શાહ**

નવી દિલ્હી, તા.૧૧

કેન્દ્રની મોદી સરકાર દેશના ફોજદારી કાનુનમાં મોટા ફેરફારની જાહેરાત કરતા અમીત શાહે લોકસભામાં અંગ્રેજોના સમયનો ઈન્ડીયન પીનલ કોડ, કોડ ઓફ ક્રિમીનલ પ્રોસીજર અને ઈન્ડીયન એવીડન્સ એકટને ખત્મ કરીને તેના સ્થાને ભારતીય ન્યાય સંહિતા કાનૂન લાવવાની જાહેરાત કરી છે અને આ ખરડો હવે સંસદની સ્ટેન્ડીંગ કમીટીને સુપ્રત કરાશે. શ્રી શાહે લોકસભામાં જણાવ્યું કે આ નવા ભારતીય ન્યાય સંહિતા નામે એક નવો સર્વગ્રાહી કાનૂન આવશે.

શ્રી શાહે જાહેર કર્યુ કે તેના આધારે 'રાજદ્રોહ'નો કાનૂન પણ



રદ થશે એટલે કે નવા કાનૂનમાં રાજદ્રોહ શબ્દ નહી હોય. આ નવા કાનુનનું ટાઈટલ બદલાયુ છે. કોડ ઓફ ક્રિમીનલ પ્રોસીજરના સ્થાને ભારતીય ન્યાયીક સુરક્ષા સંહિતા, ઈન્ડીયન એવીડન્સ એકટના સ્થાને ભારતીય સાંખ્ય અધિનિયમના આધારે શ્રી શાહે જણાવ્યું કે ૧૮૬૦થી ૨૦૨૩ જેવી દેશની ફોજદારી પ્રક્રિયા બ્રિટીશ શાસનની ભેટ જેવા કાનૂનથી ચાલી હતી પણ હવે ભારત ખુદના કાનૂન સાથે આવી રહ્યું છે અને તેમાં આમુલ પરિવર્તન થશે

અને ઈન્ડીયન પીનલ કોડ હવે ભારતીય ન્યાયસંહિતા તરીકે

● અનુસંધાન પાન-૭ પર

# હવે, ઓનલાઈન ગેમિંગ અને કેસિનો પર ૨૮ ટકા જીએસટી

**કેન્દ્ર સરકાર લોકસભામાં બે બિલ રજૂ કરશે જેમા સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સુધારા બિલ, ૨૦૨૩ અને ઈન્ટિગ્રેટેડ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સુધારા બિલ ૨૦૨૩નો સમાવેશ : સંસદના ચોમાસુ સત્રના છેલ્લા દિવસે નાણામંત્રી નિર્મલા સીતારમણ બે બિલ રજૂ કરશે :૨૮ ટકા વસૂલાત ૧ ઓક્ટોબરથી અમલમાં આવશે**

નવી દિલ્હી, તા.૧૧

સંસદમાં ચોમાસા સત્રનો આજે છેલ્લો દિવસ છે ત્યારે કેન્દ્ર સરકાર લોકસભામાં બે બિલ રજૂ કરશે જેમા સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સુધારા બિલ, ૨૦૨૩ અને ઈન્ટિગ્રેટેડ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સુધારા બિલ ૨૦૨૩નો સમાવેશ થાય છે.

કેન્દ્રીય કેબિનેટે આ સપ્તાહની શરૂઆતમાં બંને બિલોને મંજૂરી આપી હતી. સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એક્ટમાં સુધારાથી હોર્સ રેસિંગ, ઓનલાઈન ગેમિંગ અને કેસિનો પર ૨૮ ટકા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એટલે કે જીએસટી વસૂલવાની મંજૂરી મળશે. એ જ રીતે રાજ્યોએ પણ તેમના વ્યક્તિગત જીએસટી કાયદામાં અલગથી સુધારો કરવો પડશે. જો બિલ પસાર થશે તો આ મહિનાની શરૂઆતમાં મળેલી જીએસટીકાઉન્સિલની બેઠકમાં નક્કી થયા મુજબ નવી કર વ્યવસ્થા ૧ ઓક્ટોબરથી અમલમાં આવશે. તેબેઠકમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે ઓનલાઈન ગેમિંગ, કેસિનો અને હોર્સ રેસિંગ પર ૨૮ ટકા વસૂલાત ૧ ઓક્ટોબરથી અમલમાં આવશે અને તેની છ મહિના સુધી સમીક્ષા કરવામાં આવશે અને જો જરૂર પડશે તો ટેક્સ માળખામાં ફેરફાર કરવામાં આવશે. આજે સંસદના ચોમાસુ સત્રના છેલ્લા દિવસે નાણામંત્રી નિર્મલા સીતારમણ બે બિલ રજૂ કરશે અને જો ગૃહની કાર્યવાહી ચાલુ રહેશે, તો તેઓ બંને બિલ પસાર કરવાનો પ્રયાસ પણ કરશે. ગેમિંગ ઈન્ડસ્ટ્રીના સતત



પ્રતિનિધિત્વને કારણે જીએસટીકાઉન્સિલને એક મહિનામાં બે વાર બેઠક કરવી પડી તે જેમાં ગેમિંગ પરના ૨૮ ટકા ટેક્સ સ્લેબને ઘટાડવાની માંગ કરી હતી. જીએસટીની ૫૦મી કાઉન્સિલમાં ઓનલાઈન ગેમિંગ, કેસિનો અને હોર્સ રેસિંગ પર ૨૮ ટકા ટેક્સ લગાવવાના નિર્ણયની ગેમિંગ ઈન્ડસ્ટ્રી દ્વારા ટીકા કરવામાં આવી હતી, ત્યારબાદ ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખરે કહ્યું હતુ કે જીએસટીકાઉન્સિલે તેના નિર્ણય પર પુનર્વિચાર કરવો જોઈએ.

# અમદાવાદ-બગોદરા હાઈવે પર ગમખ્વાર અકસ્માત

**છોટા હાથી ટ્રક સાથે ટકરાતા ચોટીલા દર્શન કરીને પાછા ફરતા ૧૦નાં મોત : કેબિન કાપીને ફસાયેલા લોકોને બહાર કઢાયા , હાઇવે મરણ ચિચિયારીઓથી ગૂંજી ઉઠ્યું, મૃતકોમાં પાંચ મહિલા, બે પુરુષ અને ત્રણ બાળકોનો સમાવેશ**

અમદાવાદ, તા.૧૧

અમદાવાદ-બગોદરા હાઈવે પર સર્જાયેલા ગોજારા અકસ્માતમાં ૧૦ લોકોનાં કમકમાટીભર્યા મોત નિપજ્યાં છે. ટ્રક અને મીની ટ્રક વચ્ચે સર્જાયેલા અકસ્માતને પગલે હાઈવે મરણ ચિચિયારીઓથી ગૂંજી ઉઠ્યું હતું. ચોટીલા દર્શન કરીને પરત ફરી રહેલા દર્શનાર્થીઓને અમદાવાદ બગોદરા હાઈવે પર અકસ્માત નડ્યો હતો. જેમાં ૫ મહિલા, ત્રણ બાળકો અને બે પુરુષોના મોત નિપજ્યા છે, જ્યારે પાંચ જેટલાં લોકોને ગંભીર પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

અકસ્માત બાદ જે પ્રાથમિક માહિતી સામે આવી છે તે પ્રમાણે, બગોદરા મીઠાપુર પાટિયા પાસે અકસ્માત સર્જાયો ત્યાં એક ટ્રક ઉભી હતી. ટાયરમાં પંચર પડતાં હાઈવે પર આ ટ્રક ઉભી હતી ત્યારે પાછળથી દર્શનાર્થીઓને લઈને આવી રહેલા છોટાહાથીની ટક્કર આ ટ્રક સાથે થઈ હતી. ટ્રકની પાછળ છોટાહાથી ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો.મળતી માહિતી અનુસાર, અકસ્માતમાં મોતને ભેટનારા લોકો કપડવંજના

● અનુસંધાન પાન-૭ પર



# ભૂસ્ખનને લીધે નેશનલ હાઈવે શિમલા-કાલકા માર્ગ ફરી બંધ

**હાલ કાટમાળ દૂર કરવાની કામગીરી ચાલી રહી છે, ટ્રાફિકને વૈકલ્પિક માર્ગો પર ડાયવર્ટ કરવામાં આવ્યો**

સિમલા, તા.૧૧

હિમાચલ પ્રદેશના સોલન જિલ્લામાં મોડી રાત્રે ભૂસ્ખલન થયુ હતું જેના કારણે નેશનલ હાઈવે-૫ શિમલા-કાલકા રોડ ફરી બંધ કરવામાં આવ્યો છે. ચક્કી મોર પાસે કાલકા-શિમલા નેશનલ હાઈવે ભૂસ્ખલનના કારણે બંધ કરાયો છે. હાલ કાટમાળ દૂર કરવાની કામગીરી ચાલી રહી છે.

આ કાલકા-શિમલા હાઈવે બંધ થતા ટ્રાફિકને વૈકલ્પિક માર્ગો પર ડાયવર્ટ કરવામાં આવ્યો છે. આ અગાઉ પણ ભૂસ્ખલનને કારણે હાઈવેને એક સપ્તાહ સુધી બંધ રાખવામાં આવ્યો હતો. હજુ બે દિવસ હાઈવેને ફરીથી ખોલવામાં આવ્યો હતો. આજથી તેના પર લોડેડ ટ્રકો પસાર થવાના હતા ત્યા જ રાત્રે ફરીથી ભૂસ્ખલન થતા હાઈવેને બંધ કરવાની ફરજ પડી હતી. હિમાચલમાં આ વર્ષે વરસાદે ભારે તારાજી સર્જી છે અનેક જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલલની ઘટનાઓ બની રહી છે જેના પગલે વાહન વ્યવહારને અસર પડી રહી છે. હિમાચલ પ્રદેશમાં ચોમાસાની સિઝન દરમિયના ઘણા લોકોના મોત થયા છે જેમા કુલ મૃત્યુઆંક ૨૩૪ પર પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. સિરમૌર જિલ્લાના પરાલા મંડી અને

● અનુસંધાન પાન-૭ પર

## હર ઘર ત્રિરંગા ચળવળમાં ભાગ લેવાની નરેન્દ્ર મોદીની અપીલ



નવી દિલ્હી, તા. ૧૧

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આગામી સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે દેશભક્તિ જાગૃત કરવાના ભાગરૂપે ટ્વિટ કરીને અપીલ કરી છે કે "ત્રિરંગા સ્વતંત્રતા અને રાષ્ટ્રીય એકતાની ભાવનાનું પ્રતિક છે. દરેક ભારતીયોનુ ત્રિરંગા સાથે ભાવનાત્મક જોડાણ છે અને તે આપણને રાષ્ટ્રીય પ્રગતિ માટે વધુ સખત મહેનત કરવાની પ્રેરણા આપે છે. હું આપ સૌને તા. ૧૩ થી ૧૫ ઓગષ્ટ દરમિયાન "હર ઘર ત્રિરંગા' ચળવળમાં ભાગ લેવા વિનંતી કરૂ છુ."

## બ્રિટને ખાલિસ્તાનીઓના સામના માટે નવા ફંડની જાહેરાત કરી

**ખાલિસ્તાની ઉગ્રવાદ પર કાબૂ માટે બ્રિટનનું મોટું પગલું : ભારતના વિદેશમંત્રી અને બ્રિટનના સંરક્ષણમંત્રી ટુગેનહાટ વચ્ચેની બેઠકમાં ટુગેનહાટે નવા ફંડની જાહેરાત**

નવી દિલ્હી, તા.૧૧

ખાલિસ્તાની ઉગ્રવાદને કાબૂમાં લેવા ભારતની અપીલ પર બ્રિટને મોટું પગલું ભર્યું છે. બ્રિટન સરકારે ખાલિસ્તાન સમર્થક કટ્ટરપંથીઓનો સામનો કરવા માટે નવા ફંડની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે ભારત અને બ્રિટન પહેલેથી જ કટ્ટરવાદ સામે લડવા માટે સંયુક્ત ટાસ્ક ફોર્સની રચના કરવાની દિશામાં કામ કરી રહ્યા છે. ભારતમાં બ્રિટિશ હાઈ કમિશનરે આ માહિતી આપી હતી. ભારતમાં બ્રિટિશ હાઈ કમિશનરે કહ્યું કે 'ભારતના વિદેશમંત્રી એસ. જયશંકર અને બ્રિટનના સંરક્ષણમંત્રી ટુગેનહાટ વચ્ચેની બેઠકમાં ટુગેનહાટે નવા ફંડની જાહેરાત કરી છે, જે ખાલિસ્તાન તરફી ઉગ્રવાદનો સામનો કરવા માટે બ્રિટનની ક્ષમતામાં વધારો કરશે. ૯૫ હજાર પાઉન્ડ (લગભગ એક કરોડ રૂપિયા)નું રોકાણ યુકે સરકારના ખાલિસ્તાન તરફી ઉગ્રવાદને સમજવામાં મદદ કરશે. બ્રિટિશ હાઈ કમિશનરે કહ્યું કે ભારત અને બ્રિટન વચ્ચે જોઈન્ટ રેડિકલાઈઝેશન ટાસ્ક ફોર્સની સ્થાપનાની પ્રક્રિયા પહેલાથી જ ચાલી રહી છે. બ્રિટનના સંરક્ષણમંત્રી ટુગેનહાટ ગુરુવારે ત્રણ દિવસના પ્રવાસે ભારત આવ્યા છે.

# ડૉક્ટર કોઈ દવાની કંપનીની જાહેરાત નહીં કરી શકે

**નેશનલ મેડિકલ કમિશનનું મહત્વપૂર્ણ નોટિફિકેશન : ડોક્ટરો હિંસક રોગીની સારવારનો ઈનકાર કરી શકશે, કમિશને વર્ષથી લંબિત રજિસ્ટર્ડ મેડિકલ વ્યવસાયિક આચરણ વિનિયમ અંગે નોટિફિકેશન જાહેર કર્યું**

નવી દિલ્હી, તા.૧૧

ડૉક્ટરો હવે હિંસક રોગીની સારવાર કરવાથી ઈનકાર કરી શકશે. તેની સાથે જ કોઈ પણ દવા કંપનીની જાહેરાત નહીં કરી શકે. જો કોઈ એવો મામલો સામે આવશે તો તેમના લાયસન્સ રદ કરવામાં આવી શકે છે. આ નવો નિયમ નેશનલ મેડિકલ કમિશન (એનએમસી) એ એક નોટિફિકેશનના માધ્યમથી દેશભરમાં લાગુ કર્યો છે. આ નિયમ હેઠળ ડૉક્ટરો હિંસક રોગીને સારવાર આપવાની ના પાડી શકે છે પણ ડૉક્ટરે એ જરૂરથી જોવાનું રહેશે કે આવું કરવાથી ક્યાંક દર્દીનો જીવ જોખમમાં ના પાડી જાય.

નેશનલ મેડિકલ કમિશને આશરે એક વર્ષથી લંબિત રજિસ્ટર્ડ મેડિકલ વ્યવસાયિક આચરણ વિનિયમ સંબંધિત નોટિફિકેશનને હવે જાહેર કરી છે. તેમાં સામેલ નવા નિયમો ગત બે ઓગસ્ટથી દેશભરમાં લાગુ કરી દેવાયા છે. નવા નિયમો અનુસાર જો કોઈ ડૉક્ટર કે તેમના પરિવારને કોઈ ભેટ, યાત્રા સુવિધા, રોકડ કે નાણાકીય ગ્રાન્ટ આપે છે તો તે ડૉક્ટરનું લાયસન્સ રદ થઈ શકે છે. આ ઉપરાંત રજિસ્ટર્ડ ડૉક્ટર સેમીનાર, કાર્યશાળા, સંગોષ્ઠી કે પછી સંમેલન જેવા કોઈપણ ત્રીજા પક્ષની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સામેલ નહીં થઈ શકે, જેને કોઈ ફાર્મા કંપની સાથે લેવા દેવા હોય. નોટિફિકેશનમાં સ્પષ્ટ જણાવાયું છે કે કોઈ પણ સ્થિતિમાં ડૉક્ટરો ભેટ નહીં સ્વીકારી શકે.

● અનુસંધાન પાન-૭ પર

## જવાનોની સુરક્ષા માટે સૌથી હલકું બૂલેટ પ્રુફ જેકેટ બનાવાયું

નવી દિલ્હી, તા.૧૧

આઈઆઈટી દિલ્હીના સંશોધકોએ ભારતીય જવાનોની સુરક્ષા માટે બનાવ્યું અત્યાર સુધીનું સૌથી હલકું બુલેટપ્રૂફ જેકેટ છે.

વજનમાં હલકું હોવા છતાં આ આધુનિક બુલેટપ્રૂફ જેકેટમાં સુરક્ષાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. આ જેકેટ ૮ એકે-૪૭ એચએસસીઅને ૬ સ્નાઈપર એપીઆઈબુલેટનો સામનો કરવા સક્ષમ છે.

આ બુલેટ પ્રુફ જેકેટ દુનિયાભરમાં ઉપયોગમાં લેવાતા બુલેટ પ્રુફ જેકેટથી ઘણી રીતે આગળ વધી રહ્યું હોય તેવું લાગે છે. આ બુલેટ પ્રૂફ જેકેટમાં એક સમયે ૬ સ્નાઈપર શોટ સહન કરવાની ક્ષમતા છે, એટલે કે જો કોઈ વ્યક્તિ આ બુલેટ પ્રૂફ જેકેટ પર સ્નાઈપર ગન વડે ગોળીબાર કરે છે તો ૬ બુલેટ સુધી આ જેકેટને કોઈ નુકસાન થશે નહીં અને ન તો તેને પહેરનાર સૈનિકને નુકસાન થશે.

